# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૭૨ • તા. ૨૬ જુલાઈ થી ૧ ઑગસ્ટ ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.





## જ્ઞાતિજનોની વધતી જતી આશાઓ અને જરૂરતને પુરુ કરતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની યોજના

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member



SHUBH
DIAMONDS


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
પ્રવીણ હંસરાજ લોડાયા
કીર્તિકુમાર ધનજી ધરમશી
ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જીવનમાં આવતો સંઘર્ષ જુસ્સો વધારે છે

જીવન દરમ્યાન આવતો સંઘર્ષ એ આપણા કર્મની ભેટ છે, એવી રીતે સ્વીકાર કરવો જોઈએ. દરેક વ્યક્તિ અંતરથી ઈચ્છતી હોય છે કે પોતાની જીંદગી એકદમ આરામ દાયક અને ખુશીઓથી ભરપૂર હોય. જીવનની દરેક પળોમાં આપણને આનંદ, ઉમંગ અને ઉત્સાહ ભર્યો માહોલ અખૂટ મળતો રહે. મંઝિલ તરફ જતો માર્ગ સરળ, સપાટ અને મુસીબત વગરનો હોય. પણ આ ઈચ્છા, કામના જો ખરોખર સાચી પડતી હોય તો? પણ, જીવન આપણી ઈચ્છાઓ આકાંક્ષા અને સ્વપ્નાઓથી નથી ચાલતું. જીવનમાં બધું સરળતાથી મળે એ પણ શક્ય નથી. દરેકની જીંદગી અલગ અલગ છે. જવલ્લેજ કોઈ એવો ભાગ્યશાળી હશે જેને બધું સહજતાથી મળી જતું હશે. બહુધા જણ એવા હોય છે. જે સફળ થવા માટે આકરો સંઘર્ષનો સામનો કરતા હોય છે. નિષ્ફળતા અને પડકારોને પરાજિત કરી મંઝિલ પામનાર જ આખરે સિદ્ધિઓને પામનાર સિકંદર છે.

સરળતાથી કે આસાનીથી મળતી કોઈપણ જણસ કે સિદ્ધિની કદર હોતી નથી. શ્રમ અને સાધના પશ્ચાત મળેલી સફળતા જ શિર પર મુકુટની જેમ શોભે છે. કોઈપણ વસ્તુ પ્રાપ્ત કરવાં જેટલાં નબળાં છીએ તો એ મેળવવા માટે આપણને અતિમુશ્કેલી થવાની જ છે. સંઘર્ષો જ આપણને સાહસ માટે પ્રેરણા આપે છે. સંઘર્ણ જ આપણને ખરેખર આગળ ધપતાં રાખે છે. સંઘર્ષ વિના કોઈપણ વ્યક્તિનો વિકાસ ન થઈ શકે એ હકીકત છે. સંઘર્ષ ને જોઈ પાછી પાની કરે એ સાહસિક નથી. એ લડ્યા વગર પરાજીત સ્વીકારી લેનાર નબળો સિપાઈ છે. શરણાગતિ પામનાર સૈનિક છે. જે ક્યારે જંગમાં જીતી શક્તો નથી. આખરે તો પરાક્રમી જ પોતાની સફળતાના મારગને સરળ બનાવી શકે છે.

આપણું જીવન કેવા અને કેટલાં સંઘર્ષોથી પસાર થયું છે. તેને પાર કરવા કેવાં અને કેટ કેટલા કોઠા વીંધયા છે તે જ બીજાને માટે પ્રેરણા દાયક બની શકે છે. અન્ય માટે ઉદાહરણ રૂપ થઈ શકે છે. નાના બાળકને કોઈ સહજ રીતે કોઈ ચીજ હાથમાં પકડાવી દે એ રીતે સફળતા હાથવેંત મળતી રહેતો સંઘર્ષ શું છે. એનો પણ આપણને ક્યારે ખ્યાલ મળશે નહીં. બીજાઓના અનેક સંઘર્ષો ભરી જીવન ગાથામાં રસ ધરાવીએ છીએ પણ ખુદ પોતાની સંઘર્ષ ભરી દાસ્તાન સામે લડવાનું આપણે પસંદ કરતા નથી. વાસ્તવિક્તા સામે લડનાર જ આખરે પરિસ્થિતિ બદલી શકે છે.

નદી ક્યારે એવું નથી વિચારતી કે દરિયો કેટલો દૂર છે. એ તો સાગરમાં સમાવવાની તત્પરતા તાલાવેલીમાં પોતાની સામેની અડચણોને પાર કરતી આગળ વધતી રહે છે અને આખરે પોતાની મંઝિલને પામે છે. સંઘર્ષો જ આપણા સપનાઓ માટેનો રસ્તો બનાવે છે. મંઝિલ સુધી પહોંચવાનું ઝનૂન જ સંઘર્ષોને પાર કરવાનુ સાહસ આપણામાં પેદા કરે છે. માટે જ સંઘર્ષ આવે એ જરૂરી છે. એનાથી આપણામાં જોમ, જુસ્સો જાગે છે અને પથમાં આગળ વધવાની પ્રેરણા મળે છે.

– જય જ્ઞાતિમૈયા

# સાચવા જેવો સ્વજન મિત્ર

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજના જમાનામાં માનવીય સંબંધોના પોત દિવસેને દિવસે પાતળા પડતા જાય છે. સગા સંબંધી સ્વજનો સાથે તો એટલા મીઠા, મળતાવડા, હળવા મળવાના સંબંધો રહ્યાં નથી તે જ પ્રમાણે દિલના સ્વજન કહેવાતા દોસ્તારો સાથેના સ્નેહબંધનને પણ આધુનિક જમાનાનો રંગ લાગ્યો છે. ભલે હજુ સુધી દોસ્તીના સંબંધો બીજા સંબંધો જેટલા ઘસાઈ નથી ગયા છતાં થોડો ઘણો લૂણો લાગ્યો છે એ હકીકત છે.

બચપણથી બુઢાપા સુધી દોસ્તની ગજબની ભૂમિકા રહે છે. ઉંમરના જુદા જુદા પડાવો પર દોસ્તો બદલતા રહે છે પણ કેટલાક દોસ્ત એવાને એવા રહે છે. દોસ્ત એવી વ્યક્તિ છે જે પહેલા આપણને બગાડે છે અને પછી સુધારવાની સલાહ આપે છે. આપણને મોટા ભાગે વળગેલા વ્યસનો દોસ્તોને આભારી હોય છે એ હકીકત છે. મિત્રોને સંગતે રહી અનેક અળવીતરા કામ કર્યા હોય છે, પરાક્રમ કર્યા હોય છે, કેટલાકને માર માર્યો છે તો ઘણાથી આપણે માર ખાધો છે. પણ દરેકે દરેક પરિસ્થિતિમાં મિત્રનો સાથ અતૂટ પણે નિભાવ્યો છે. જેનો કોઈ વસવસો આજે થતો નથી.

દોસ્તી બે છોકરાઓ વચ્ચે હોય છે, બે છોકરીઓના બહેનપણાં હોય તો એક છોકરીને એક છોકરા વચ્ચે પણ દોસ્તી હોવી સહેજ છે. પણ વિજાતીય બે ફ્રેન્ડ વચ્ચેની દોસ્તીને સમાજ કે અન્ય લોકો શંકાથી જોતાં હોય છે. ત્યારે આ શંકાના બોજમાં દોસ્તીને આગળ વધારથી બોજ બની જાય છે. છોકરા છોકરીની વચ્ચેની ફ્રેન્ડશીપ જુદી રીતે આગળ ધપતી હોય છે. આમાં મર્યાદા જાળવી પડે છે. એક સમાંતર રહેતા રેલવે ટ્રેક જેવું અંતર રાખીને આગળ ધપવું પડે છે. દોસ્તી પર કોઈ શંકા કરે ત્યારે મનોમન દુઃખ થાય છે. દોસ્ત કરતાં દોસ્તીનું મૃત્યુ આઘાતજનક બની રહે છે. દોસ્તી જેટલી ગાઢ પેઈન એટલું જ તીવ્ર રહેવાનું.

દોસ્તીમાં પણ કયારેક ઈગો આડે આવે ત્યારે અથવા કંઈક અટંસ પડી જાય ત્યારે બંન્ને પક્ષે નમતું જોખીને સંબંધને સાચવીને સંભાળી લેવું જરૂરી છે. દોસ્તના રંગ ઢંગ જોઈને આપણને તેના મનના વિચાર વરતારો જણાઈ આવે છે. દોસ્તી વ્યાખ્યા કરવાનો વિષય નથી. દોસ્તી તો માત્ર જીવવાનો અને માણવાનો વિષય છે. જેની સાથે કોઈ ભાર વગર વાતચીત કરી શકાય. જેની સાથે કોઈ ભૂમિકા બાંધયા વગર, ચર્ચા આદરી શકાય એ વ્યક્તિને દોસ્ત કહી શકાય. કુદરતને જ્યારે લોહીના સંબંધો પર શંકા થઈ હશે ત્યારે જ તો તેણે દોસ્તનું નિર્માણ કર્યું હશે. કોઈ સમસ્યામાં ઉલઝીને માણસ ક્યાં જશે એ વિચારે કુદરતે મિત્રનું સર્જન કર્યું હશે એ નક્કી છે. દોસ્ત એ કરેલી ભૂલોને ખરે ટાણે ગણવાની ન હોય દોસ્તની ભૂલો તો એની સાથે ભોગવવાની હોય છે.

આપણી જિંદગી માતા અને પિતાની ભેટ છે, ભણતર શિક્ષકની ભેટ છે. સ્મિત દોસ્તારોની ભેટ છે પણ સાચો દોસ્ત એ તો ઈશ્વરની ભેટ છે. જીગરી દોસ્ત જો સાથે હોય તો કોઈ પણ કામ અશક્ય નથી હોતું આ જિંદગીમાં એટલે જે કહ્યું છે કે વાવતા જો આવડે તો મિત્રતા એક ખેતી છે નહીં તો મુઠ્ઠીમાંથી સરી જતી રેતી છે. છેલ્લે ગુલઝારના કલામને માણીએ સોચતા હું દોસ્તોં પર મુકદમા કર હું, ઈસી બહાને તારીખોં પર મુલાકાત તો હોગી.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા


**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**


# સંજીવની કેસ નં.૧૯૭ તથા ૧૯૮ માટે જરૂરી ભંડોળ રૂા.૨.૭૫ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




કચ્છ કોઠારા હાલે ભાંડુપના ૮૩ વર્ષીય શ્રીમતી મંજુલાબેન રતિલાલ મોતા, ડાબા પગે સેલ્યુલાઈટિસ ફોલ્લા અને સેપ્સિસ તેમજ રેનલ ફેલ્યોરથી પીડિત છે. તેઓ ૮૫ વર્ષીય પતિ જેઓ બંન્ને આંખે દ્રષ્ટિ ગુમાવી છે તથા નાના પુત્ર, પુત્રવધૂ અને ૯ વર્ષ તથા ૧૭ વર્ષની બે પૌત્રીઓ સાથે રહે છે. પુત્ર લોટરી વેંચવાનો નાનો ધંધા ચલાવી થોડી ઘણી કમાણી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. મોટો પુત્ર વડોદરમાં રહે છે અને ઈલેક્ટ્રિકલ રીપેરીંગનો નાનો વ્યવસાય કરે છે. જ્યારે પરિણીત પુત્રી અને જમાઈ સાથે થઈને સેલોન ચલાવે છે.

વડીલ માતાના ઈલાજ માટે અંદાજિત ખર્ચ રૂા.૧.૬૫ લાખ જમા કરવાનો બોજ પુત્રની ઉપર આવ્યો છે. પરિવારનો કોઈ મેડિક્લેઈમ નથી નથી કોઈ બચત. આ વિકટ પરિસ્થિતિમાંથી ઉગરવા સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી મૂકી. જેનો અભ્યાસ કરી જરૂરી ભંડોળ જમા કરવા કેસ નં.૧૯૭ ક્રમાંક આપી ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

# સંજીવની કેસ નં.૧૯૭ તથા ૧૯૮ માટે જરૂરી ભંડોળ રૂા.૨.૭૫ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ બંધ કરાયું




વધુમાં અન્ય કેસની વિગતમાં વાંકુ-ડોંબિવલીના ૭૫ વર્ષીય શ્રીમતી પુષ્પાબેન વિજય લોડાયા જેઓ વિધવા છે. નિઃસંતાન છે અને વર્ષોથી એકલા રહે છે. ઘણા વર્ષોથી તેમના ગુજરાન માટે પણ આવકનો કોઈ કાયમી સ્ત્રોત નથી. તેઓનો જમણો પગ varus deformity એટલે કે પગની વિકૃતિ સાથે ઘૂંટણમાં ગંભીર ઓસ્ટિયો આર્થ્રાઈટિસ હોવાનું નિષ્ણાંત ડોક્ટરએ નિદાન કરી ઈલાજ માટે જમણું ઘૂંટણ સંપૂર્ણ બદલવાની સલાહ આપી છે. જે માટેનો અંદાજિત ખર્ચ રૂા.૧.૧૦ લાખ હોવાનું કહેવાયું છે.

મોટી અવસ્થા, માસિક ગુજરાન ચલાવવાની દુવિધા વચ્ચે ઈલાજ માટે જરૂરી રકમ એકઠું કરવાનો પડકાર મંજુલાબેન સમક્ષ આવ્યો. તેમનો કોઈ વીમો નથી કે નથી કોઈ બચત. આવી પરિસ્થિતિમાં ઉગારો થાય એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ અરજી સબ્મીટ કરી. જેને કેસ નં.૧૯૮ આપી ક્રાઉડ ફંડિંગ શરૂ કરાયું.

બંન્ને કેસ માટે શરૂ કરાયેલ ક્રાઉડ ફંડિંગ જૂજ સમય દરમ્યાન જ જરૂરતની રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિંગ થંભાવી દેવાયું.

ઉપરોક્ત બંન્ને કેસમાં જ્ઞાતિની વડીલ માતાઓની કપરી પરિસ્થિતિ સમજીને પોતાના સ્વજન હોવાના ભાવ સાથે વ્યક્તિગત દાતાઓ, મહાજન, મંડળ, ટ્રસ્ટ એકમ સૌએ સંજીવની કેસ નં.૧૯૭ માટે રૂા.૧.૬૫ લાખ અને સંજીવની કેસ નં.૧૯૮ માટે રૂા.૧.૧૦ લાખ મળી કુલ્લ રકમ રૂા.૨.૭૫ લાખ સમયસર સહાય કરી જરૂરી ભંડોળ પૂરે પૂરું છલકાવી દીધું. જે માટે સૌ ઉદારજનોને શત શત વંદના સાથે ભૂરી ભૂરી અનુમોદના.

૮૩ વર્ષીય મંજુલાબેન મોતા અને ૭૫ વર્ષીય પુષ્પાબેન લોડાયા સારવાર લઈ જલદી સ્વસ્થ થઈ સ્વઘરે સુખરૂપ ફરે એ માટે સૌ કામના કરીએ.

# Anumodana

## Sanjivani Case - 190

| Name: Mr. Jayesh Champshi Khona | Age : 56 Yrs. | Village: Sayera - Kalyan |
|---|---|---|

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 21,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher... A Silent Donor | 1,01,000.00 |
| Shri Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |
| Shrimati Geeta Harish Shah Lodaya, Sayra - Raipur | 2,000.00 |
| Shri Jayesh C. Nagda, Khamgaon | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 191

| Name: Mrs. Madhuben Ashwin Kurwa | Age : 67 Yrs. | Village: Godhra - Sangli |
|---|---|---|

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 21,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher... A Silent Donor | 1,01,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Vaishali Lalit Lalka, Varapadhar - Hyderabad | 2,000.00 |
| Shri Ravi Navin Shah | 1,100.00 |
| Shri Hukamchand Javerchand Dharamshi, Manjal - Deolali. | 1,000.00 |
| Shri Jayesh C. Nagda, Khamgaon | 1,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 750.00 |
| Shrimati Yogita Manish Dand | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રીમતી કોઠારા મહિલા મંડળ દ્વારા શ્રીમતી કોઠારા : સેલિબ્રેટિંગ દ એવરી ડે ઓલરાઉન્ડરનો અનોખો કાર્યક્રમ યોજાયો









શ્રીમતી કોઠારા મહિલા મંડળે તાજેતરમાં શનિવાર, તા. ૧૯-૦૭-૨૦૨૫ ના ''શ્રીમતી કોઠારા'' નામનો એક અનોખો અને હૃદયસ્પર્શી કાર્યક્રમ યોજ્યો હતો. જે મહિલાઓની રોજિંદા પ્રતિભાની ઉજવણી માટે એક પહેલ છે જે નિઃસ્વાર્થપણે અસંખ્ય ભૂમિકાઓ નિભાવે છે.

શિલ્પા પ્રણવ લોડાયા (અજાણી) અને દિવ્યા હેનિલ લોડાયા (અજાણી) દ્વારા આ કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન કરવામાં આવેલ, આ કાર્યક્રમમાં છ સર્જનાત્મક રાઉન્ડનો સમાવેશ થતો હતો જે રોજિંદા કાર્યોથી પ્રેરિત હતા જે મહિલાઓ સરળતાથી કરે છે પરંતુ ભાગ્યે જ પ્રશંસા ને પાત્ર પામે છે. સ્વ-પરિચય આપવા અને ઘરે ટ્વિસ્ટ સાથે પરંપરાગત વાનગી તૈયાર કરવાથી લઈને, સામાન્ય જ્ઞાન, રસોડું કૌશલ્ય અને સાંસ્કૃતિ પર આધારિત, દરેક રાઉન્ડમાં છુપાયેલી પ્રતિભાઓ અને જીવન કૌશલ્યોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા જે મહિલાઓ દરરોજ ઉપયોગ કરે છે.

તમામ ઉંમરની મહિલાઓની સક્રિય ભાગીદારી સાથે, આ કાર્યક્રમ આનંદ, હાસ્યથી ભરેલો રહ્યો હતો. તેની ઘણીવાર અવગણવામાં આવતી ક્ષમતાઓની ઉજવણી હતી જે ખરેખર સ્ત્રીને ઓલરાઉન્ડર બનાવે છે.

મહિલા મંડળના પ્રમુખ પૂજા જયંત લોડાયા (અજાણી) ના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં શ્રીમતી કોઠારાનું પ્રતિષ્ઠિત બિરૂદ તેજલ હેમંત લોડાયા (અજાણી) ને એનાયત કરવામાં આવ્યું, જ્યારે કેતકી આશિષ અજાણીને રનર-અપ જાહેર કરવામાં આવી. વ્યક્તિગત રાઉન્ડના વિજેતાઓ હતા:

● અનિતા જવેરચંદ ધરમશી-ખાસ હું મેં ● ક્રિષ્ના ચેતન લાપસિયા-દેશી માસ્ટરશેફ ● કનક જયેશ અજાણી-યાદો કા પિટારા ● શોભના લક્ષ્મીચંદ-મૈશેરી કલા કા જાદુ ● દિપ્તી પરેશ અજાણી-શબ્દોકી સરતાજ

આ કાર્યક્રમના જજ હતા કુસુમ વિરેન્દ્ર મેપાણી અને દીપાલી નીતિન નાગડા, ચૈતાલી નિર્મલ દંડ, ફાલ્ગુની કુમાર નાગડા, નેહલ વિકેશ ધરમશી, દિપ્તી પરેશ અજાણી અને નીતા નિલેશ ધરમશી સાથે કોઠારા મહિલા મંડળના સમર્પિત સમિતિના સભ્યોએ ટેકો આપ્યો હતો.

શરૂઆતથી અંત સુધી, તે કૃતજ્ઞતા, સશક્તિકરણ અને બહુમુખી પ્રતિભાનો યાદગાર દિવસ બની રહ્યો હતો.

# Anumodana

## Sanjivani Case - 192

**Name: Mrs. Bharti Laherchand Meisheri** **Age : 57 Yrs.** **Village: Jakhau - Mulund**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 15,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Lifetime Patron / Sanstha** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri Masjidbunder KDO Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| **Diamond Patron** | |
| Shri Jakhau Ratnatunk Jain Temple & It's Sadharan Fund Trust | 5,000.00 |
| Shree KDO Jain Sarvodaya Mandal, Mulund | 2,300.00 |
| **Individual Donors** | |
| Well Wisher A... Silent Donor | 1,01,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 20,000.00 |
| Shri Manojkumar Laxmichand Kuruwa, Bayath - Kuwait | 10,000.00 |
| Shrimati Deepa Nagda | 10,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 3,000.00 |
| Shri Dhawal Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Shrimati Darshana Bharat Dagha, Bangalore | 3,000.00 |
| Shri Robin Dagha | 3,000.00 |
| Shri HansKumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 1,500.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Jayesh C. Nagda, Khamgaon | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivaar , Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Deolali | 1,000.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Malkapur | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Shrimati Jagruti Patel | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# કચ્છની આઠ જૈન જ્ઞાતિની સગપણ સમસ્યા ઉકેલવા માટે જૈન મેરેજ મિશન વેબસાઈટનું લોકાર્પણ થયું

કચ્છની વિવિધ જૈન જ્ઞાતિઓ જેવી કે કચ્છી વીશા ઓસવાલ સ્થાનકવાસી કવિઓ દેરાવાસી, વાગડ ચોવીસી, કચ્છી દશા શ્રીમાળી વણિક અને હાલારી વિશા ઓસવાલ સમાજ સંયુક્ત રીતે મળીને જૈન મેરેજ મિશનના નેજા હેઠળ સગપણ સમસ્યા હલ કરવા માટે સુવિધા પૂર્ણ વેબસાઈટનું લોકાર્પણ ચેરમેન ચંદ્રકાંત ગોગરીના હસ્તે દાદર વેસ્ટ સ્થિત નવનીત ભવન ખાતે કરાયું. આ પ્રસંગે જૈન જ્ઞાતિ અગ્રણીઓ નયન ભેદા, શાંતિલાલ મારૂ, જયંત છેડા (પ્રિન્સ), દિલીપ પ્રેમજી સંઘવી, રમેશ મહેતા, દીપકભાઈ ભેદા નવનીતના સર્વે સર્વા બિપિનભાઈ ગાલા, જયંતિલાલ છાડવા, જયાબેન મારૂ, રમણિક સંઘોઈની ઉપસ્થિતિ રહી હતી.




વેબસાઈટ નિર્માણ કરનારા આઈટી ડેસ્ક સોલ્યુશન્સના નીલેશ મહેતાએ વેબસાઈટની કાગીરી અને ઉપયોગિતા વિશે માહિતી આપી હતી. આ નિઃશુલ્ક વિશ્વસનીય અને સંપૂર્ણ સુરક્ષિત વેબ https://jainmarriagemission.com પોર્ટલ હોવાની સાથો સાથ અત્રે કચ્છ, વાગડ, હાલારના જૈન વતનીઓના લગ્નોત્સુક યુવક યુવતીઓના બાયોડેટા જોઈ શકાશે. સંસ્થાની એડમિન પેનલ દ્વારા દરેક પાત્રોની ઝીણવટ ભરી ચકાસણી કર્યા બાદ જ ઉમેદવારોના પ્રોફાઈલ મંજૂર થાય છે. ઉમેદવાર શોધવા માટેના વિવિધ ફિલ્ટરો પણ આ પોર્ટલમાં છે. વેબ પોર્ટલમાં પ્રોફાઈલની સ્થિરતા ૩૬૫ દિવસ જીવંત રહેશે. અત્રે કોઈપણ જૈનેતર સભ્યને મંજૂરી અપાતી નથી.

જૈન મેરેજ મિશનના પ્રમુખ તરલાબેન જયંત છેડાએ જણાવ્યું હુતં કે શરૂઆતનો બે ત્ર વર્ષો આ સેવા માત્ર કચ્છી જૈનો પૂરતી જ મર્યાદિત રહેશે પણ ત્યારબાદ તે ગુજરાતી જૈન મારવાડી જૈન માટે પણ ઉપલબ્ધ બનશે. બે મહિના પછી યુવક યુવતી સંમેલન અને પ્રિમેરેજ કાઉન્સેલિંગ પણ કરવાની વ્યવસ્થા શરૂ કરાશે.

આ મિશનના સ્વપ્ન દ્રષ્ટા દેવચંદભાઈ છેડાએ જણાવ્યું કે ત્રણ વર્ષથી આ વિચાર ચાલતો હતો. બધાનો સાથ સહકાર મળશે તો સંસ્થાનું ધ્યેય જરૂર સફળ થશે. સમગ્ર વિશ્વભરમાં કચ્છી જૈનોની તમામ જ્ઞાતિઓની કુલ્લ વસતી ૪ લાખ જેટલી છે. વળી દરેક પેઢીએ જૈનોની વસતી ઘરતી જાય છે. આમ ૧૦૦ વર્ષમાં જૈનો નામશેષ થઈ જશે. આના ઉપાય રૂપે કચ્છી જૈનોના દરેક ફિરકાઓએ પરસ્પર રોટી બેટી વ્યવહાર શરૂ કરવો જોઈએ. આથી કચ્છ, વાગડ, હાલારના દરેક ગામના જૈન મહાજનોના પોતપોતાના ગામના લગ્ન ઈચ્છુક યુવક યુવતીઓની યાદી અને બાયોડેટા તૈયાર કરી ડિઝીટલ સ્વરૂપે જૈન મેરેજ મિશનને મોકલી આપવા જોઈએ.

# રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા દ્વારા કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું માટુંગા મધ્યે આયોજન

તા.૨ ઓગસ્ટ શનિવારના સવારે ૧૦ થી સાંજે ૪ સુધી ૨૩એ મેઘ મહેલ, ગ્રાઉન્ડ ફ્લોર, કીંગ સર્કલ, માટુંગા (પૂર્વ) સે.રે. સ્થળે રાયચંદભાઈ ધરમશી અને કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું. આ કેમ્પમાં નિષ્ણાંત સર્જન ડૉ. રાજેશ ઠક્કર પોતાની સેવા આપશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છુકે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન માટે સંપર્ક શ્વેતા લાલકા-૯૮૧૯૯૮૫૬૫૩નો સંપર્ક કરવો.

## Anumodana

**Sanjivani Case - 193**

| Name: Mrs. Vandana Kiran Nagda | Age : 56 Yrs. | Village: Kothara - Ahmedanagar |
|---|---|---|

| **Emerald Patron** | |
|---|---|
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 5,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 2,500.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 2,000.00 |
| **Individual Donors** | |
| Previous Case no. 190 Balance | 9,501.00 |
| Previous Case no. 191 Balance | 42,250.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# તિરૂપુર નગરે શ્રી સુવિધિનાથ દેરાસરમાં ભક્તામ્બર આત્મસ્પર્શની ધર્મ આરાધના કરાઈ



દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગરના શ્રી સુવિધિનાથ દેરાસરમાં ભક્તામ્બર આત્મ સ્પર્શની ધર્મ આરાધના સવારના ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી કરાઈ. જેમાં સંઘના ૧૫૦ થી વધારે સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ શ્રધ્ધા અને ભક્તિભાવ સાથે ઉપસ્થિત રહી ધન્ય લાભ લીધો હતો. કાર્યક્રમનું આયોજન શ્રી સુવિધિનાથ દેરાસરના ટ્રસ્ટીઓ કરેલ. શ્રી મહાવીર ગ્રુપના ઉજ્જવલબેન તરફથી સૌને રૂા.૫૦ની પ્રભાવના કરવામાં આવેલ.

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૨૦ જુલાઈ ૨૦૨૫ | શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ આયોજિત શ્રી વર્ધમાન શક્રસ્તવ મહાભિષેક સવારે ૯.૦૦ ક. થી શ્રી અનંતધાથજી જિનાલય, મુબઈ- ૯. |
| તા. ૩૧ જુલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ, શ્રી ક દ ઓ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ : નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM : મંડળના કાર્યાલયમાં. |
| તા. ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. મંડળ-ડોમ્બિવલી આયોજિત આ વર્ષે નવી શૈક્ષણિક પદવી (ડીગ્રી) ઉપલબ્ધ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન. હોરીઝોન હોલ, ડોમ્બિવલી. મો. ૯૩૨૧૫૫૬૧૯૪ |
| તા. ૧૭ સપ્ટે.થી ૨૨ સપ્ટે. ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ-ડોમ્બિવલી આયોજિત ચૈત્ય પરિપાટી-ઉત્તર ગુજરાતના તીર્થ. મો. ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૧૭ સપ્ટે. થી ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. દેવલાલી નાસિક રોડ જૈન સંઘ આયોજિત ચેત્ય પરિપાટી મહારાષ્ટ્ર-ગુજરાતના ૯ તીર્થ. |
| તા.૯ નવેમ્બર ૨૦૨૫ | છેડા ગોત્ર પહેડી, સારસ્વત વાડી, મુલુંડ વેસ્ટ |


શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે


સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# ભાવભીની શ્રદ્ધાંજલિ




**દિપ્તી લાપસીયા**
તા.૨૦ જુલાઈ (ઉ.૩૯)
દલતુંગી-પવઈ



**મધુકરભાઈ લોડાયા**
તા.૨૦ જુલાઈ (ઉ.૯૨)
સાંયરા-કિંગ્સ સર્કલ



**જનકભાઈ ખોના**
તા.૨૧ જુલાઈ (ઉ.૬૩)
વાંકુ-મુલુંડ



**વસંતભાઈ મૈશેરી**
તા.૨૫ જુલાઈ (ઉ.૭૬)
મોટી સિંધોડી-ડોંબિવલી



**મધુબેન કુરવા**
તા.૨૬ જુલાઈ (ઉ.૬૮)
ગોધરા-સાંગલી



**સુંદરબાઈ લોડાયા**
તા.૨૬ જુલાઈ (ઉ.૯૨)
સાંયરા-ઈંદૌર



**કલ્પનાબેન દંડ**
તા.૨૬ જુલાઈ (ઉ.૬૨)
સેવક ભરૂડીયા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં લાંબા સમયથી ખાલી પડેલા કુલ સચિવના પદ પર પ્રા.ડૉ.અનિલ ગોરની પાંચ વર્ષ માટે કાયમી નિયુક્તિ કરાઈ છે. ઉલ્લેખનીય છે કે યુનિ.ના પ્રથમ કાયમી કુલ સચિવ તેમજ નાયબ કુલ સચિવ તરીકે ૨૦૦૩ થી ૨૦૧૦ દરમ્યાન કાર્યભાર સંભાળી ચૂક્યાં છે. યુનિ.ના કુલપતિ ડૉ.મોહન પટેલ એ આ નિમણૂંકની જાણકારી આપી હતી.


● મૂળ માંડવીની હાલે મસ્કત-ઓમાનમાં રહેતી મીરા સતીશભાઈ ભાનુશાલી મૂળ નુખ વડોર ઓમાનના અલઅમિરાત ગ્રાઉન્ડમાં ઓમાન અને બહેરીન વચ્ચે ઈન્ટરનેશલ ટી૨૦ મહિલા મેચમાં અમ્પાયરિંગ કરી નવો ઇતિહાસ સર્જ્યો. આંતરરાષ્ટ્રીય સ્તરે અમ્પાયરીંગ કરનારી ઓમાનની પ્રથમ મહિલા બની. અગાઉ ઓમાનની રાષ્ટ્રીય સ્તરની ટીમ માટે ઓલ રાઉન્ડર તરીકે રમી ચૂકી છે. મીરા ભાનુશાલી એક શિપિંગ લોજિસ્ટિક કંપનીમાં મેનેજર તરીકે કામ કરે છે. ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય મેચોમાં અમ્પાયરીંગ કરવા તૈયાર છે. મીરાને પોતાના વતન માંડવીનો દરિયા કિનારો અને કચ્છી દાબેલી-કડક પસંદ છે. માતા દિવ્યાબેન ગૃહિણી છે અને પિતા સતિશભાઈ મસ્કતમાં એક કંપનીમાં મેનેજર છે.

● ભારતની પ્રથમ દેશી ગૌવંશ યુનિવર્સિટી ગૌ વિશ્વ વિદ્યાપીઠમના સ્થાપક કુલગુરૂ તરીકે જાણતા ગૌપ્રેમી આયુર્વેદાચાર્ય ડૉ. હિતેષભાઈ જાનીની નિયુક્તિ કરવામાં આવી છે. યુનિવર્સિટીના સલાહકાર બોર્ડમાં કચ્છ જિલ્લામાં ગૌવંશ અને ગૌ સંવર્ધન ક્ષેત્રે સક્રિય પણે કાર્યરત સૌરાષ્ટ્ર પ્રાંત ગ્રામ વિકાસ પ્રમુખ અને રામકૃષ્ણ સેવા ટ્રસ્ટના મનોજભાઈ સોલંકી અને સંઘના કચ્છ વિભાગ ગૌ સેવા ગતિવિધિ પ્રમુખ અને ગોરસિયા સેવા ફાઉન્ડેશનના પરબતભાઈ ગોરસિયાની નિમણૂંક કરવામાં આવી છે.

● કચ્છની કલાની પંચતીર્થી ગણાતા પાવર પટ્ટીના નિરોણા ગામની ખરકી અને રોગાન કલાના યુવા કસબી દાઉદ લુહાર અને મુનાફ ખત્રીને ઈગ્લેન્ડના ગ્લોબલ બુક ઓફ એક્સેલન્સનું બહુમાન મળ્યું છે. ગોવાની કદમ્બા હોટલ અને સ્પા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૫નું જીઈબી એવોર્ડ સાથે શિલ્ડ, સાલ અને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

● કચ્છમાં ખેતી, પશુપાલન પછી સૌથી વધુ લોકોને રોજગારી પૂરી પાડનાર ટ્રક ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ વિવિધ કારણોસર મૃત:પ્રાય અવસ્થામાં જોવા મળી રહ્યો છે. લિગ્નાઈટની ખપત ૨૫ ટકા થતાં તેમજ નમક પરિવહનમાં આર્ચિયન કંપનીએ પોતાની માલિકીની ૧૦૦ જેટલી ટ્રકો ભરતા અન્ય માલિકોના ધંધા ગંભીર અસર પહોંચી છે. આટલા વર્ષોમાં ટ્રક ઉદ્યોગમાં ક્યારે આ રીતની મોટી મંદી નથી સર્જાઈ. સમસ્યા નિવારવા કોઈ રસ્તો નહીં નીકળે તો ટ્રક ઉદ્યોગ ખતમ થઈ જશે અને હજારોની સંખ્યામાં પરિવારોની રોજી રોટીની સમસ્યા સર્જાશે એવું જાણકારોનું માનવું છે.

● મૂળ માંડવીના અને કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ નિલયભાઈ વિપિનભાઈ અંજારીયા સાથે અન્ય બે ન્યાયમૂર્તિઓને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાય મૂર્તિ બી.આર.ગવઈએ શપથ લેવડાવ્યાં હતા. વિધિવત હોદ્દો ગ્રહણ કરી સુપ્રીમ કોર્ટના જજ બનતા જસ્ટિસ નિલયભાઈ અંજારીયા ૩૭ વર્ષની ઉજ્જ્વળ કાયદાકીય ક્ષેત્રની કારકિર્દી ધરાવે છે. માંડવીમાં ૨૩ માર્ચ ૧૯૬૫ના દિવસે જન્મેલા કાયદાવિદ પરિવારના પુત્ર નિલયભાઈ અંજારિયા ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે અનેક મહત્વના ચૂકાદા આપી ચૂક્યા છે. કર્ણાટક હાઈકોર્ટના મુખ્ય જજ પદે ફરજ બજાવ્યા પછી સુપ્રીમ કોર્ટમાં ફરજ બજાવશે. ત્રણ જજની શપથ વિધિ સાથે હવે સુપ્રીમમાં ન્યાયધીશોની કુલ્લ સંખ્યા ૩૪ થઈ છે જે પૂર્ણ કાર્યક્ષમતા છે.


ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Watch your savings grow, effortlessly.
FIXED DEPOSIT
720 Days
RATE OF INTEREST
*7.85% per annum
For General Public
*8.35% per annum
For Senior Citizens
STAMP FRANKING
Now Available
*Terms & conditions apply
Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083
Bhandup (West) 86526 30381
Borivali (West) 86526 30390
Dombivli (East) 86526 30386
Ghatkopar (East) 86526 30383
Ghatkopar (West) 86526 30385
Masjid Bunder 86526 30384
Matunga 86526 30389
Mulund (West) 86526 30382
Thane (West) 86526 30388
Vashi 86526 30387
Kamothe 86521 19656
SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)
www.arihantbank.com
@ Arihant Bank